# વડગામના નોદોત્રામાં લીલા વૃક્ષો કાપી દેતા મામલતદારને રજુઆત કરાઈ

## તાલુકાના કેટલાય ગામોમાં લીલા વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે છતાં તંત્રની ચુપ કેમ ?

વડગામ તાલુકાના નોદોત્રા ગામની સીમમાં નાનોસણા જવાના રોડ ઉપર આવેલા ખારોડી વાળી જગ્યાએ ગામના સરપંચ દ્વારા ૫૦૦ જેટલા (ગાડા બાવળ) લીલા વૃક્ષો કાપી દઈને બારોબાર વેચી દેવાનો સોદો કરી દેવાયા ના આક્ષેપ સાથે ગામના જ અરજદાર દ્વારા મામલતદાર ને લેખિતમાં રજૂઆત કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે.

છેલ્લા કેટલાય સમયથી વડગામ પંથકમાં અનેક ગામોમાં રોજના કેટલાય લીલાં વૃક્ષો નુ નિકંદન નિકળી રહ્યું છે રોજના ટ્રેકટર માં લીલા લાકડા ભરીને શોમીલો માં લઈ જવાઈ રહ્યા હોવા છતાં વન વિભાગ ના અધિકારી ઓ તેમજ રેવન્યુ ના કર્મીઓ આંખે પાટા બાંધીને ને ગાન્ધારીની ભુમિકા ભજવી રહ્યા હોવાની ચર્ચા ઓ આમજનતા માં થઈ રહી છે વડગામ પંથકમાં થી લીલા વૃક્ષો નુ ખુલ્લેઆમ કત્લે કરીને ટ્રેકટરો માં રોજના છાપી શોમીલો માં લઈ જવાતા હોવા છતાં તંત્ર ની નજરે એક પણ ટ્રેકટર આવતું નથી જેને લઈને વાઈબ્રન્ટ ગુજરાત ના કર્મીઓ સામે પણ અનેક શંકાઓ લોકોમાં થઈ રહી છે સરકાર દ્વારા દર વર્ષે ×વન મહોત્સવ× યોજીને લાખો રુપિયા ના ધુમાડા કરાય છે વન વિભાગ દ્વારા વૃક્ષો લાવવાના પણ તાયફા કરાતાં રહ્યા છે પણ કુદરતી રીતે ઉગેલા વૃક્ષો ની તકેદારી



રાખવાની જેની જવાબદારી છે તે વન વિભાગ જ લકવાગ્રસ્ત બની રહેતાં વડગામ પંથકમાં લીલા વૃક્ષો નુ કત્લે આમ થઈ રહ્યું છે જેના કારણે જંગલો કોંક્રિટ ના બની રહ્યા છે અને શો મિલોના માલિકો તાજા માજા બની રહ્યા છે ત્યારે કલેકટર દ્વારા ઘટતું કરાય અને વડગામ પંથકમાં લીલા વૃક્ષો નુ નિકળી રહેલું નિકંદન ને રોકાવાય તેવું વૃક્ષ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

નાંદોત્રા થી નાનોસણા રોડ પર આશરે ૫૦૦ થી વધુ લીલા બાવળો ના વૃક્ષો જેસીબી દ્વારા કત્લેઆમ કરીને બારો બાર વેચી મારવાના આક્ષેપ પણ અરજદાર હેમરાજભાઈ ધનરાજભાઈ ચૌધરી દ્વારા કરાયા છે અને સરપંચ સામે વધુ આક્ષેપ કરીને જણાવ્યું છે કે આ બાબતે પંચાયત દ્વારા કોઈ જ રકમ પંચાયત માં જમા લીધી નથી તેમજ વૃક્ષો કાપવા માટે ની પણ કોઇ જ મંજુરી લેધી નથી આ વાતની ગ્રામજનો ને જાણ થતાં સરપંચ શારદાબેન ભીખાભાઈ પરમારે તા ૨૮/૫/૨૦૧૯ ના રોજ એજન્ડા કાઢીને તા ૩/૬/૨૦૧૮ ના રોજ મીટીંગ રાખેલ છે અને બાવળના રુ ત્રણ લાખ નો ભષ્ટ્રાચાર કરેલ હોવાના ચોંકાવનારા આક્ષેપ કરાયા છે ત્યારે આ બાબતે તંત્ર નિષ્ઠાપૂર્વક તપાસ કરે છે ? કે પછી ? ભીનું સંકેલે છે તે જોવાનું રહ્યું.

## વડગામમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિત્તે રેલી યોજાઇ

વડગામ સરપંચ ભગવાનસિહ સોલંકી દ્વારા લીલી ઝંડી આપીને રેલીનું પ્રસ્થાન કરાવ્યું. વડગામ તાલુકા મથકે આવેલી તાલુકા હેલ્થ કચેરીના કર્મચારીઓ દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિત્તે રેલી યોજાઇ હતી. વડગામ સરપંચ ભગવાનસિહ સોલંકીના હસ્તે રેલીને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં વડગામ તાલુકા હેલ્થ કચેરીના ઈન્ચાર્જ ટીએચઓ ડી.બી.મહેતા, મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, આશા વર્કર સહીત ઉપસ્થિત રહી રહ્યા હતા આ રેલી વડગામ હેલ્થ કચેરી ખાતેથી રેલી નું પ્રસ્થાન કરાયું હતું રેલીમાં તમાકુ અને અન્ય વ્યસન વિરોધી ભારે સુત્રોચ્ચાર કર્યા હતા.



ખેડબ્રહ્મા શહેરમાં આવેલ અંબાજી મંદિરમાં ગુજરાતનાં મુખ્યમંત્રીના ધર્મપત્નીએ કર્યો દર્શન હતા. ખેડબ્રહ્મા ખાતે આવેલ નાના અંબાજી તરીકે ઓળખવામાં આવતા અંબે માના મંદિરે આજરોજ અંજલિબેન વિજયભાઈ રૂપાણીએ શીશ નમાવી માનાં આર્શીવાદ લીધા હતા. તેમની સાથે તેમના પુત્ર ત્રુષભભાઈ પણ માના આર્શીવાદ લીધા હતા.




આજે વિશ્વ ટોબેકો દિવસે હિમતનગરમાં આવેલ સબજેલ ખાતે શુક્રવારે જીલ્લા રોગચાળા અધિકારી ધ્વારા બંદીવાન ભાઈઓને તંબાકુ થી થતા શારીરિક અને માનસિક નુકશાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું ત્યારબાદ સબજેલ અધિકારી અને બંદીવાન ભાઈઓએ તંબાકુ વિરોધી શપથ લીધા હતા.

# પાસા ગામ પાસે બાઈક અને એસ. ટી. બસ વચ્ચે અકસ્માતમાં, બેના મોત

અંબાજી નજીક પાનસા ગામ પાસે એક બાઈક અને એસ ટી બસ વચ્ચે ગંભીર અકસ્માત




સર્જાયો હતો. ઘટનામાં બાઈક પર સવાર એક વ્યક્તિના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગત પ્રમાણે અંબાજી નજીક આવેલા પાનસા પાસે બપોરના સમયે એક બાઈક અને એસટી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો. ઘટનામાં બાઈક પર સવાર હંસા ગલબા સોલંકી તથા હોજા નાના સોલંકી નામના પુરુષોના મોત નિપજ્યું છે. અકસ્માત એટલો ગંભીર હતો કે એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે હોજા નાના સોલંકીનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ઘટના બાદ બસ ચાલક બસ મૂકી ફરાર થઈ ગયો હતો તો મૃત્યુને લઈને આદિવાસી સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે બાઈક ચાલક જંબેરા ગામથી અંબાજી તરફ આવી રહ્યાં હતા, એ દરમિયાન અહીંથી પસાર થઈ રહેલી એસટી બસ નીચે આવી જતા અકસ્માત સર્જાયો હતો. આ એસટી બસ ચાણસ્મા ડેપોની અંબાજી રૂટની હોવાનું સામે આવ્યું છે. તો પોલીસ કાફલો તથા એસટી ડિવિઝનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

## ફાયરસેફ્ટી તેમજ ડિમોલીશન મામલે કોર્પોરેશનની કાર્યવાહી

અમદાવાદ, તા.૩૧

સુરતમાં આગની ઘટના બાદ શહેરમાં અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા ફાયર સેફ્ટી અને ગેરકાયદેસર બાંધકામ મામલે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમ્યુકોની ટીમ દ્વારા આજે સતત પાંચમા દિવસે શહેરમાં આવેલી સ્કૂલો, હોસ્પિટલ ટ્યૂશન ક્લાસિસ, હોટલ્સ અને રેસ્ટોરેન્ટ્માં બનાવેલા ગેરકાયદેસર બાંધકામ અને શેડને દૂર કરવાનું કામ શરૂ કરાયું છે.

# ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ૯૩ને નોટીસ અપાઈ

સુરતના અગ્નિકાંડની ઘટનામાં લગભગ ૨૧ જેટલા વિદ્યાર્થીઓના મોત થયા હતા અને ૧૫ જેટલા વિદ્યાર્થી ઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યાર બાદ સરકારના આદેશ થી દરેક જગ્યા એ ફાયર સેફ્ટીની સુવિધા છે કે નહીં તેને તંત્ર હરકતમાં આવ્યુ છે. ગઈ કાલ સુધી ખેડબ્રહ્મા નગરપાલિકા ધ્વારા ફાયર સેફટીને લઈ ૯૩ જેટલા લોકોને નોટીસ ફટકારવામાં આવી છે.

ખેડબ્રહ્મા શહેર માં મોટા ભાગના કોમ્પ્લેક્સ અને કચેરી ઓ ફાયર સેફ્ટી ને લઈ ને અભાવ હોય તો પણ પાલીકા એ એન ઓ સી આપી છે. ખેડબ્રહ્મા પાલિકા ધ્વારા શહેરની એપલ મુવી, આસોપાલવ ગેસ્ટ હાઉસ, હોટલો મોટાં ભાગની નંદનવન એપાર્ટમેન્ટ, મીરા ગેસનું ગોડાઉન, વાસુ રેડીમેડ, આઈડલ હોસ્ટેલ, ઓસવાલ, કચ્છી સમાજવાડી ની હોસ્ટેલ, જનરલ સિવીલ હોસ્પિટલ, તાલુકા સેવાસદન, તાલુકા પંચાયત, મામલતદાર ઓફીસ,પોલીસ કવાર્ટસ બિલ્ડીંગ, તેમજશહેરના મોટાભાગના તમામ કોમ્પ્લેક્ષ તથા બધી જ મોટા ભાગની સાડીઓ વાળાને નોટીસ ફટકારવામાં આવી છે. પાલિકા ધ્વારા જણાવાયુ છે કે, હજી પણ પાલિકા ધ્વારા ફાયર સેફટીને લઈ તપાસ ચાલુ છે. શુક્રવારે ૯૩ જેટલી નોટીસ ઈસ્યુ કર્યા બાદ પણ જો દુકાનદારો ફાયર સેફટી નહી લગાવે તો તેમની દુકાનો સીલ કરવામાં આવશે. પાલિકાની સખ્ત કાર્યવાહીને લઈ ફાયર સેફટી ની દુકાનોમાં લાંબી કતારોનો લાગી રહી છે.

## ૨૦હજાર મત્તાની લૂંટ કરનાર ચાર શખ્સો ઝડપાયા

ડીસા,તા.૩૧

થેરવાડા ગામના રહેવાસી તથા મહેસાણા સેલ્સટેકસ ઑફિસના સિનિયર ક્લાર્ક પાસેથી બાઈવાડા સબ સ્ટેશન પાસે બાઈક પર આવેલા ૪ શખ્સોએ રૂ.૧૫ હજાર રોકડ તથા મોબાઈલ મળી કુલ ૨૦હજાર મત્તાની લૂંટ ચલાવી પલાયન થઈ ગયા હતા. આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે પોલીસે સીસીટીવી કેમેરા તથા કોલ ડિટેઈલ આધારે ૪ શખ્સોને દબોચ્યા હતા.

# શામળાજી પોલીસે મીની ટ્રકમાંથી ૭.૨ લાખ અને મહિન્દ્રા એકસયુવીમાંથી ૪૩ હજારનો દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૩૧

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ હાથ




લાગી રહ્યો છે. શામળાજી પીએસઆઈ કે.વાય. વ્યાસે બાતમીના આધારે વેણપુર ગામ નજીક મીની ટ્રકમાંથી ૭.૨ લાખનો વિદેશી દારૂ ઝડપી ૨ શખ્સની ધરપકડ કરી અન્ય એક મહિન્દ્રા એકસયુવી ગાડીમાંથી ૪૩ હજારનો વિદેશી દારૂ જપ્ત કરી ૨ આરોપીઓની ધરપકડ કરી બંને ગુન્હામાં મદદગારી કરનાર ૨ શખ્સોને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું શામળાજી પોલીસે તપાસ હાથ ધરાતા શંકાસ્પદ ઝડપ સાથે આવતી મહિન્દ્રા એકસયુવી જીપ (ગાડી.નં.આરજે.૦૨.યુએ.૪૧૧૬)ને અટકાવી પાછળની સીટમાં રાખેલો વિદેશી દારૂની બોટલ નંગ-૧૪૪ કિં. રૂ.૪૩૨૦૦ સાથે પ્રમોદસિંહ વિનોદસિંહ રાવત અને પ્રવિણસિંહ મનોહરસિંહ રાવત (બંને. રહે, મેનબજાર જવાજા, અજમેર)ને દબોચી લઈ મહિન્દ્રા એકસયુવી જીપ કિં. રૂ.૫૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૩ કિં. રૂ.૩૦૦૦ મળી કુલ રૂ.૫૪૬૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મહિન્દ્રા એકસયુવીના બુટલેગર માલિક બંટીસિંહ લક્ષમણસિંહ ચૌહાણ વિરુદ્ધ પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મહિન્દ્રા એકસયુવી જીપમાંથી વિદેશી દારૂ ઝડપાયા થોડાક કલાકોમાં શામળાજી પીએસઆઈ કેતન વ્યાસને રાજસ્થાન તરફથી બુટલેગરો મિનિટ્રકમાં વિદેશી દારૂ ઘુસાડવાની ફિરાકમાં હોવાની બાતમી મળતા વેણપુર ગામની સીમમાં નાકાબંધી કરી વીંછીવાડા તરફથી આવતી મિનિટ્રક (ગાડી.નં-એચઆર.૪૭.બી.૫૬૦૩)ને અટકાવી ટ્રકમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૨૩૪૦ કિં. રૂ.૭૦૨૦૦૦ના જથ્થા સાથે વિનોદ ચંદ્રપાલ યાદવ (રહે.ભગથલા, હરિયાણા) અને રોહિત રાજેશ મક્કડ (રહે. ખરખડા,હરિયાણા)ને દબોચી લઈ મિનિટ્રક કિં. રૂ.૫૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૧૦૦૦ મળી કુલ.રૂ.૧૨૦૩૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મિનિટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર હરિયાણાના માનસરના બુટલેગર ધીરજ યાદવ વિરુદ્ધ પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# વડગામ તાલુકા પંચાયતના હિસાબનીશ કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

વડગામ તાલુકા પંચાયત માં હિસાબનીશ કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મીનો વિદાય સમારંભ



વડગામ તાલુકા પંચાયત ખાતે યોજાયો હતો.

વડગામ ના રહીશ અને તાલુકા પંચાયત વડગામ ખાતે હિસાબનીશ કર્મચારી તરીકે ફરજબ જાવતા નરસંગભાઈ ભીખાભાઈ ડેકલીયા વય નિવૃત થતાં તેમનો વિદાય સમારંભ વડગામ તાલુકા પંચાયતના હોલમાં યોજાયો હતો તેમના આ વય નિવૃતિના વિદાય સમારંભ પ્રસંગે વડગામ તાલુકા વિકાસ અધિકારી એ.એચ.પરમાર,બાંધકામ શાખાના અધિક મદદનીશ ઈજનેર અધિકારી પરેશ ભાઈ રાવત,જીજ્ઞા બેન, પચાણભાઈ ચૌધરી સહિત તાલુકા પંચાયત ના તમામ શાખાના કર્મચારી ગણ અને હાજર રહી નિષ્ઠાવાન રીતે ફરજ બજાવનાર નરસંગભાઈ ડેકલીયાને ફૂલહાર પહેરાવી છાલ ઓઢાડી તેમનું માન ભેર સન્માન કરવામાં આવ્યું હતું. અને તેમને શ્રીફળ અને સાકર આપી શાલ તેમજ ભેટ સોગાદ સાથે માનભેર વિદાય અપાઈ હતી.




## વડગામ તાલુકા વિકાસ અધિકારીના ઘરમાં ફાયર સેફ્ટીની સુવિધા

સુરતમાં બનેલા અગ્નિકાંડ બાદ ઠેર ઠેર વહીવટી તંત્ર સાબદું બન્યું છે. સુરતના અગ્નિ કાંડ બાદ હરકતમાં આવેલા વહીવટી તંત્ર ના કર્મચારીઓ હરકત માં આવી જઈને ફરિવાર આવી ઘટના ક્યાં ઘટે નહીં તેની તકેદારી ના ભાગ રૂપે સજાગતા દાખવી રહ્યા છે અને ઠેર ઠેર ફાયર સેફ્ટીના સાધનો લગાવ રાવવા ની કામગીરી પણ કરતાં થયાં છે જેમાં વડગામ તાલુકા વિકાસ અધિકારી એ.એચ.પરમાર દ્વારા વડગામ તાલુકા પંચાયતમાં ફાયર લગાવ્યા બાદ વડગામ તાલુકાની ગ્રામપંચાયતોમાં પણ ફાયરની સુવિધા ઓ કરાવાઇ છે અને પોતાના રહેણાક મકાનમાં પણ ફાયર સેફ્ટી ની સુવિધા કરાવાઈ છે અને તેમના ધર્મ પત્નીને ફાયર સેફ્ટીની માહિતીથી વાકેફ કરવામાં આવ્યા છે.

# "સબ" સલામત ! : ભ્રમિતો સાથે માલપુર શબ વાહિનીમાં આખી રાત જાગવા પોલીસ તૈયાર

માલપુરમાં છેલ્લા કેટલાય સમયથી શબ વાહિનીને લઈને વાત ચગડોળે ચઢી છે ત્યારે મીડિયાના અહેવાલ બાદ ભ્રમિત લોકોનો ડર દૂર કરવા પોલીસ તૈયાર હોવાનું જાણવા મળ્યું છે. માલપુર ગ્રામ પંચાયતમાં ફળવવામાં આવેલી શબવાહિનીમાં રાત્રીના સમયે લાઈટ, હૉર્ન તેમજ સાઈરન ચાલુ-બંધ થતી હોવાનું સરપંચ સહિત આસપાસના રહીશોએ જણાવતાં શબવાહિની માલપુર પોલીસ સ્ટેશનમાં મુકી દેવાઈ હતી. જેને લઈને મીડિયામાં અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. મીડિયાના અહેવાલ બાદ માલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા નજર કેદ કરાતા કોઈ જ ઘટના ન ઘટી હોવાનું પણ જાણવા મળ્યું હતું. જોકે મોડી રાત્રે પ્રોબેશનલ ડીવાયએસપી ઈશ્વર પરમાર ખાસ હાજર રહ્યા હતાં અને તેમણે કોઈપણ પ્રકારની હલચલ ન જોઈ હોવાનું જણાવ્યું છે. પ્રોબેશનલ ડીવાયએસપી ઈશ્વર પરમારે એમ પણ જણાવ્યું છે કે, જો કોઈ વ્યક્તિને હજુ પણ વહેમ કે શંકા હોય તો તે વ્યક્તિ સાથે આખી રાત શબવાહિની સાથે બેસવા માટે તૈયાર છે.

માલપુર શબવાહિનીએ માલપુર પંથક સહીત સમગ્ર જીલ્લામાં ભય, કુતુહલ અને રમૂજ પેદા કર્યું છે. શબવાહિનીમાં રાત્રીના સુમારે અચાનક લાઈટ ચાલુ




થવાની, હોર્ન વાગવાની અને દરવાજા ખુલી જવાની ઘટનાને પગલે છેલ્લા કેટલાક મહિનાથી શબવાહિની માલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મૂકી દીધી હતી. બિનઉપયોગી બનેલી શબવાહિનીના મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતા પોલીસતંત્ર પણ હરકતમાં આવ્યું હતું અને લોકોમાં રહેલો ભ્રમ અને અંધશ્રદ્ધા દૂર કરવા પોલીસતંત્ર દ્વારા શબવાહિનીમાં દેખરેખ રાખવાની સાથે મોડી રાત્રે પ્રોબેશનલ ડીવાયએસપી ઈશ્વર પરમારે માલપુર પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં પડેલી શબવાહિનીની તપાસ કરી હતી અને મોડી રાત્રી સુધી શબવાહિની પાસેજ બેઠક જમાવી હતી. આ દરમિયાન કોઈ જ અનહોની ન થતી હોવાની વાત કરી છે. એટલું જ નહીં તેમણે એમ પણ કહ્યું કે, "આ માત્ર અંધશ્રદ્ધા છે અને જો કોઈ વ્યક્તિને ડર હોય તો તેમની સાથે શબ વાહિનીમાં બેસવા તૈયાર છું."

# ધનસુરા ચાર રસ્તા ટ્રાફિકના પ્રશ્ને પોલીસતંત્ર ઘોર નિંદ્રામાં

ધનસુરા, તા. ૩૧

મોડાસા ધનસુરા નડિયાદ માર્ગ ઉપર આવેલ ધનસુરા ચાર રસ્તા આગળ પોલીસતંત્રની બેદરકારીના કારણે વારંવાર ટ્રાફિકજામ થઈ જાય છે. રોડ ઉપર ટ્રાફિક પોલીસ ઉભા રહેવાના બદલે રોડ સાઈડમાં ગપગોળા મારતા લોકોને જોવા મળે છે. રોડ ઉપર વચ્ચે ઉભા રહે તો ટ્રાફિક કંટ્રોલ કરી શકે. જિલ્લા પોલીસ અધિકારી સમક્ષ પણ પ્રતિનિધિ મંડળ દ્વારા રજુઆત કરેલ છે. આ રોડ ઉપર રોજના ૫૦૦૦થી વધુ વાહનો જાય છે. ખાસ કરીને લોડીંગ ટ્રકો બેફામ દોડે છે. સવાર સાંજ ટ્રાફિકનો પ્રશ્ન વિકટ બને છે. બાયપાસ હજુ ચાલુ થયો નથી. ત્યારે સ્થાનિક પી.એસ.આઈ. આ ચાર રસ્તાનું જાતે નિરીક્ષણ કરી ૨૪ કલાક ટ્રાફિક પોલીસ રહે તેવી વ્યવસ્થા કરે તેમ ધનસુરાની જનતા ઈચ્છે છે. વારંવાર રજુઆતો કરવા છતાં પ્રશ્ન હલ થતો નથી.

# ધનસુરા તાલુકામાં પાણીનો પ્રશ્ન વિકટ બનતો જાય છે

## જળસ્ત્રોત ઝડપથી નીચે ઉતરતો જાય છે : ૧૦૦થી વધુ તળાવો ખાલી

ધનસુરા, તા. ૩

ધનસુરા તાલુકામાં કાળઝાળ ગરમીના કારણે ભૂગર્ભ જળ ઝડપથી નીચે ઉતરતાં પાણીનો પ્રશ્ન વિકટ બનવા લાગ્યો છે. તાલુકાના તમામ ગામોમાં પીવાના પાણીનો પ્રશ્ન વિકટ બન્યો છે. મોટાભાગના હેન્ડપંપ બિસ્માર હાલતમાં પડ્યા છે. તળાવો, કૂવા, વાઘામાં પાણી સુકાવા લાગ્યા છે. ખેડૂતોના ખેતરોના કૂવામાં પાણીના અભાવે ઉનાળુ પાક લઈ શકાય તેમ નથી. આ તાલુકાના ૭૦ થી વધુ ગામોના ખેડૂતોના ખેતરોમાં નર્દા કેનાલના માઝુમ, મેશ્વો ડેમમાંથી કેનાલનો લાભ મળતો નથી. સરકારે ધનસુરા તાલુકામાં આવેલા તળાવોમાં નર્મદાનું પાણી પાઈપલાઈનથી નાખવામાં આવે જેથી પશુધનને જીવાડી શકાય. તાલુકા પુરવઠાતંત્ર તાત્કાલિક આ તાલુકાનો સર્વે કરાવી જરૂરી કાર્યવાહી કરે તેમ જનતા ઈચ્છે છે. ધનસુરા તાલુકાના ત્રણ વિશાળ તળાવો ધનસુરા, બુટાલ અને આકરૂંદમાં તળાવો ખાલી થવા લાગ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧